Gujarat Pranam

Global standard warning label will boost India's packaged food export

# વૈશ્વિક સ્તરનું વોર્મિંગ લેબલ ભારતના પેકેજ્ડ ફૂડ નિકાસને વેગ આપશે

અદ્યતન પ્રોસેસ કરેલા ફૂડ્ઝના સેવન સાથે પેકેજ્ડ ફૂડ્ઝ અસાધારણ રીતે વધી રહ્યા છે, જેમાં ભારત વિજ્ઞાન આધારિત ફ્રંટ ઓફ પેક લેબલીંગ (**FOPL**)ના સ્વીકાર્યતાને પ્રાધાન્ય આપી રહ્યા છે. એક પ્રસંગે અગ્રણી ઉદ્યોગ પ્રતિનિધિ અને ફૂડ ઉત્પાદકોએ જણાવ્યું હતુ કે ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટિસ **FOPL**, ખાસ કરીને વૈશ્વિક માર્કેટમાં **MSME** એકમો દ્વારા ઉત્પાદિત હોય તેવા પેકેજ્ડ ફૂડ પ્રોડક્ટ્સની નિકાસ વધારવા માટે મોટુ પ્રોત્સાહક બની રહેશે.

અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડ અને બેવરેજીસ - અદ્યતન રીતે-પ્રોસેસ કરેલા હોવા ઉપરાંત ઉમેરવામાં આવેલી ખાંડ, મીઠું અને ઉમેરણોની વધુ માત્રા ધરાવતી વસ્તુઓ માટે ભારત સૌથી વધુ વૃદ્ધિ દર ધરાવે છે. યુરોમોનિટરના ૨૦૦૬-૨૦૧૯ના વેચાણના આંકડા અનુસાર, ભારતમાં પેકેજ્ડ જંક ફૂડ અને સોફ્ટ ડ્રિંક્સનું છૂટક મૂલ્ય માત્ર ૧૩ વર્ષમાં ૪૨ ગણું વધ્યું છે. ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ, જેને ભારત સરકાર રોજગાર સર્જન માટેના મુખ્ય ક્ષેત્ર તરીકે જુએ છે, તે હાલમાં ઈ૨૦૦ બિલિયનનું મૂલ્ય ધરાવે છે અને તે વધીને ઈ૫૦૦ બિલિયન થવાની ધારણા છે. ભારતીય ખાદ્ય બજારનો ૩૨% 'પ્રોસેસિંગ ઉદ્યોગ' દ્વારા આવરી લેવામાં આવ્યો છે. સ્જીસ્ઈ ક્ષેત્રનું વિશાળ ઉત્પાદન સ્વાદિષ્ટ અને અત્યંત લોકપ્રિય દેશી નાસ્તા અને કન્ફેકશનરીઝ, આ અસાધારણ વૃદ્ધિના મુખ્ય પ્રેરક છે.